ક્રમાંકઃમાધ્ય/મ-૨/પ્ર.શિ. ગ્રાન્ટ/2022-23/ 3864-67

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
"એ" વિંગ, રૂમ નં. ૧૦૭ થી ૧૧૧,
બહુમાળી ભવન, અમરેલી.
તા. 07/06/2022

વંચાણે લીધાઃ-

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/1014/140/ગ, તા.21/12/2015
2. શિક્ષણ વિભાગના તા. 20-12-2021ના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ.
3. કમિશનરશ્રી શાળાઓની કચેરી - ગાંધીનગરના તા.20-05-2022ના આદેશ ક્રમાંક ધ/માધ્ય/અનદ-1/2022/8508-78
4. અત્રેની કચેરીના તા. 07/06/2022ની નોધ

કચેરી આદેશઃ-

વંચાણે લીધા પત્ર અન્વયે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી જગ્યા નિયમિત રીત ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહી તે માટે તાસદીઠ માનદ વેતનથી શિક્ષણકાર્ય કરાવવા અંગેની કાર્યપ્રણાલી વંચાણે લીધા-2 થી 2021-22નું શૈક્ષણિક વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી લંબાવવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે. અને રિવાઈઝડ માનદ વેતન નીચે મુજબ નક્કી કરેલ છે.

| વિગત | તાસદીઠ માનદ્ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|
| માધ્યમિક | રૂ।. 135/- | 6 તાસ | રૂ।. 810/- |

<u>માધ્યમિક શિક્ષણમાં</u> ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા રૂ।. 16,500/- થી વધે નહી તે મુજબ રહેશે.

વંચાણે લીધા પત્ર-3 થી સને 2022-23 ના વર્ષ માટે (શૈક્ષણિક વર્ષ 2021-22) માધ્યમિક વિભાગમાં રોકાયેલ પ્રવાસી શિક્ષકોના માનદ વેતનની ગ્રાન્ટ અત્રેની કચેરીને રૂા. 4,20,000/- અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર પુરાની ફાળવણી થઈ આવેલ છે.

વંચાણે લીધા-4 અન્વયે સને 2021-22ના શૈક્ષણિક વર્ષ (નાણાકીય વર્ષ 2022-23)માં આ જિલ્લાની સામેલ પત્રક 1 મુજબ 31 બિન સરકારી અનુદાનિત શાળામાંઓમાં માધ્યમિક વિભાગમાં રોકાયેલ પ્રવાસી શિક્ષકોના માનદ વેતન માટે ગ્રાન્ટ પત્રક-1 ના કોલમ નં. 3 ની કુલ રકમ રૂ।. 2,97,000/- (અંકે રૂપિયા બે લાખ સતાણું હજાર પુરા) નીચેની શરતોને આધિન સામેલ પત્રક 1 ની શાળાઓને ગ્રાન્ટ ફાળવવાનો આથી આદેશ કરવામાં આવે છે

શરતોઃ-

1. સંબંધિત શાળાઓએ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવ/પરીપત્રો નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

2. ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી, બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
3. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
4. કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ-2022-23માં નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે

બજેટ સદરઃ- 009-2202-02-110-01 ઈડીએન-18

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

નકલ રવાનાઃ

1 જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી

2 એકાઉન્ટન્ટ જનરલશ્રી , એ.જી. કચેરી – રાજકોટ

3 આચાર્યશ્રી સંબંધિત શાળા................

4 હિસાબી શાખા, સદર કચેરી (સામેલ યાદીને શાળાને ગ્રાન્ટ ચુકવવા સારૂ)

તા. ૦૭/06/2022 ના પત્રકમાંકઃમાધ્ય/મ-૨/પ્ર.શિ. ગ્રાન્ટ/2022-23/ ૩૪૬૫ - ૬૭

માધ્યમિક વિભાગ પત્રક-૧

| ક્રમ | શાળાનું નામ | ચુકવવાની થતી રકમ |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧ | શ્રીમતિ સી.બી.એસ. દોશી હાઈ. બાંભણીયા | 8370 |
| ૨ | અ. હિ. કન્યા વિદ્યાલય વડિયા | 8775 |
| 3 | આર.એન. શેઠ કન્યા વિદ્યાલય કુંકાવાવ | 4320 |
| ૪ | કલાપી વિનય મંદિર - લાઠી | 10530 |
| ૫ | ઓ.પી. ઝાટકીયા હાઈ - ગોપાલગ્રામ | 13365 |
| ૬ | જે.એન. મહેતા હાઈ - ડુંગર | 8775 |
| ૭ | એમ.એલ. પાઘડાળ હાઈ- બરવાળા બાવળ | 6210 |
| ૮ | માધ્યમિક શાળા - ખડાધાર | 6210 |
| ૯ | વી.ડી. નગદાયા હાઈ - વિજપડી | 5400 |
| ૧૦ | ઉ.બુનિયાદી હાઈ - ભાલવાવ | 1350 |
| ૧૧ | એન.જે.એલ.એસ. હાઈ - ગોવિંદપુર | 3375 |
| ૧૨ | એલ.જે. કણસાગરા હાઈ - અનિડા | 6210 |
| ૧૩ | સરદાર વલ્લભભાઈ પટેલ મા. શાળા - ઈંગોરાળા (ડાંડ) | 18225 |
| ૧૪ | જનતા વિદ્યાલય - ચમારડી | 8775 |
| ૧૫ | ટી.કે. કાણકીયા અને આર.એ. મહેતા હાઈ - ચાંવડ | 6480 |
| ૧૬ | સરદાર પટેલ મા. શાળા - જીરા | 3105 |
| ૧૭ | જી.એન. દામાણી હાઈ - ધારી | 18765 |
| ૧૮ | તુન્ની વિદ્યા મંદિર - અમરેલી | 3240 |
| ૧૯ | બી.એચ. ગારડી હાઈ - ફીફાદ | 2835 |
| ૨૦ | સ્વામિનારાયણ હાઈ - ટીંબી | 40095 |
| ૨૧ | પ્રજ્ઞા વિનય મંદિર - મોટા માંડવડા | 3510 |
| ૨૨ | કે. લાલ હાઈ - માવજીજંવા | 14040 |
| ૨૩ | જે.એ. સંઘવી હાઈ - રાજુલા | 10800 |
| ૨૪ | કે.કે. હાઈ- સાવરકુંડલા | 8370 |
| ૨૫ | સરસ્વતી વિદ્યા મંદિર - વલારડી | 7965 |
| ૨૬ | વી.પી.જી. ગર્લ્સ હાઈ - ધારી | 13230 |
| ૨૭ | એસ.આર. વસાણી હાઈ - લુંઘીયા | 9180 |
| ૨૮ | મેઘાણી હાઈ - બગસરા | 21735 |
| ૨૯ | એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈ - અમરેલી | 12420 |
| 30 | એચ.એન. વિરાણી હાઈ.- બાઢડા | 7290 |
| ૩૧ | એલ.જી.એમ. પારેખ હાઈ.- નેસડી | 4050 |
| | કુલ | 297000 |

અંકે રૂપિયા બે લાખ સત્તાણું હજાર પુરા-

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમરેલી

DISTRICT EDUCATION OFFICER
AMRELI